SAURASHTRAUNIVERSITY
P.G.T.R. Section
Main office,First Floor,
University Road,
Rajkot - 360 005(Gujarat)
Phone No. : 2578501
www.saurashtrauniversity.edu

Accredited Grade'A' by
NAAC

## સંકલિત પરીપત્ર :–

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડા ઓને જણાવવાનું આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ – ૨૦ ના અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની પ્રક્રિયા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વિવિધ સુચનાઓ અને માર્ગદર્શન જાહેર કરવામાં આવેલ છે. જે અંગે વિવિધ ભવવના અધ્યક્ષશ્રીઓ તથા માન.સંસ્થાના વડાશ્રીઓની સાથે થયેલ ચર્ચા અનુસાર અનુસ્નાતક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ –૨૦ માં પ્રવેશ અંગેની સંકલિત સુચનાઓ / માર્ગદર્શન નીચે મુજબ જાહેર કરવામાં આવે છે, જે અનુસાર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા વિનંતી.

| | |
|---|---|
| ૧ | પ્રવેશ માટે એલીજીબીલીટી ક્રાઈટ એરીયા ૪૮% અને અનામત કેટેગરી ના વિદ્યાર્થીઓને નિયમાનુસારની પ્રવેશ માટે છુટછાટ આપવાની રહેશે. |
| ૨ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત ભવનો તેમજ સંસ્થામાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ગુજરાત રાજ્ય સિવાયની અન્ય યુનિવર્સિટીના સ્નાતક વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મની સાથે પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ જમા કરવાનું રહેશે. |
| ૩. | EWS કેટેગરી માટે કુલ મંજુર થયેલ બેઠકના ૧૦% બેઠકો વધારે ગણી પ્રવેશ આપવાનો રહેશે. દા.ત. ૬૦ બેઠકની ઈન્ટેક હોયતો ૬૦ + ૬ બેઠકો પર પ્રવેશ આપવાનો રહેશે. |
| ૪ | ➢ અન્ય યુનિવર્સીટીની CONVERSION ફોમ્યુલા અનુસાર ટકાવારી ગણીને પ્રવેશ આપવાનો રહેશે.<br>➢ વધુમાં જે તે યુનિવર્સિટી ડીગ્રી કક્ષાના અભ્યાસક્રમો માં C.G.P.A./ટકાવારી/કલાસ જે સેમેસ્ટરની ફોર્મ્યુલાને ધ્યાને લઈ એવોર્ડ કરતા હોય તે અનુસાર મેરીટ બનાવતી વખતે માર્કસ ને ધ્યાનમાં લેવાના રહેશે.<br>➢ અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ માટે સ્નાતક કક્ષાએ ફકત યુનિવર્સિટી એક્ષ્ટર્નલ પરીક્ષાના પ્રાપ્ત ગુણાંકના મેરીટ ના આધારે પ્રવેશ આપવાનો રહેશે તેમાં પ્રેકટીકલ, ઈન્ટરનલ માર્કસને મેરીટ બનાવતી વખતે ધ્યાનમાં લેવાના રહેશે નહિ. |
| ૫. | અનુસ્નાતક કક્ષાએ રાજય સરકારશ્રી,યુ.જી.સી. તેમજ યુનિવર્સિટીના નિયમ મુજબના રીઝર્વેશન કોટાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.<br>• પ્રવેશની સંપૂર્ણ જવાબદારી ભવન ના અધ્યક્ષશ્રી/ આચાર્યશ્રી/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીની રહેશે.<br>• આપની માન્ય અનુસ્નાતક સંસ્થા/કોલેજએ/માન્ય અનુસ્નાતક સંસ્થા માં યુનિવર્સિટી દ્વારા જે વિષયો ચાલતા હોય તેની માહિતી આપની માન્ય અનુસ્નાતક સંસ્થા /કોલેજએના નોટીસ બોર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકવુ.<br>• ફોર્મ પરત લેતી વખતે વિદ્યાર્થીને ફરજીયાત પહોંચ આપવાની રહેશે.<br>• વિદ્યાર્થીને પ્રવેશ મેરીટ ના આધારે જ આપવાનો રહેશે. અને ભવન ના અધ્યક્ષશ્રી/ સંલગ્ન વિષયોમાં નિયત ઈન્ટેક કેપેસીટી પ્રમાણે જ પ્રવેશ આપી શકાશે. ઇન્ટેક કેપેસીટી કરતા વધારાના આપેલ પ્રવેશ માન્ય ગણાશે નહી તેમજ તેની સઘળી જવાબદારી આચાર્યશ્રી/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીની રહેશે.<br>• દરેકમાન્ય અનુસ્નાતક સંસ્થા/કોલેજએ નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત પ્રવેશ દ્વાર પાસે મુકવી.(જમ્બો ઝેરોક્ષમાં મુકવું) |

- મેરીટ યાદીમાં નામ આવતાં ક્રમશઃ જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.
- મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઈનલ થતો નથી, આગળના મેરીટ ધરાવનાર કેટલા વિદ્યાર્થી પ્રવેશ લે છે તેના પર આધાર રાખે છે.
- નિયત તારીખે ફી નહીં ભરનારનો પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહીં, આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સંભાળવામાં આવશે નહી.
- પ્રવેશમાટેકોઇપણએજન્ટ/મધ્યસ્થી સાથે નાણાકીય વ્યવહાર કરવો નહી.
- નિયમાનુસાર ડીવીઝન/વિષય દીઠ સંખ્યા ભરાઈ જતા પ્રવેશ બંધ થશે.
- દરેક માન્ય અનુસ્નાતક સંસ્થા/કોલેજએ ચુસ્ત રીતે મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે. અને મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહી. અન્યથા તે પ્રવેશ રદ્દ ગણાશે તથા તે વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થશે નહી અંને તેની સઘળી જવાબદારી આચાર્યશ્રી/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીની રહેશે.
- અનામત કક્ષા ના વિદ્યાર્થી ઓને જાતિના પુરાવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.
- આર્થિક રીતે નબળા વર્ગોના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ એપ્રિલ-૨૦૧૯ કે તે પછીના સર્ટીફિકેટની નકલ પ્રવેશ ફોર્મ સાથે જોડવી ફરજીયાત છે. અન્યથા આવા વિદ્યાર્થીને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.
- પ્રવેશ શિડયુલમાંનક્કીકરાયામુજબઓપનમેરીટનીયાદીમાં, ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યા બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે. ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહીં, યુનિ.ની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલાવવાની રહેશે.
- અનામતનીટકાવારીનીજગ્યાઓ, ઓપન મેરીટનો સમાવેશ ફાઈનલ ના થાય ત્યાં સુધી કોઇપણ સંજોગોમાં ભરવી નહી કે ઓપન કરવી નહીં. અન્યથા આચાર્યશ્રીની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

૬. અનામત કેટેગરી જેવી કે SC/ST/OBC માટે ફક્ત મુળ મંજુર ઈન્ટેક ( EWS સિવાય) પર અનામતની ટકાવારી ગણતરીમાં લેવાની રહેશે.દા.ત.૬૦ ની ઈન્ટેક પર SC 7%,ST15%,SEBC 27% મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

૭. સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની ૮૫ ટકા બેઠકો માટે મળેલ કુલ ૧૦૦ પ્રવેશની અરજીઓ માંથી ૧૦ અરજીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઓટોનોમસ કોલેજના વિધાર્થીઓની હોય તો કુલ સીટના ૧૦% (સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિધાર્થીઓ માટે અનામત રાખેલ ૮૫% બેઠકો પૈકીની ૧૦% બેઠકો) પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની ઓટોનોમસ કોલેજનાં વિધાર્થીઓને મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે.

૮. અનામતજગ્યાઓનીટકાવારી

| અનામતજગ્યાઓનીટકાવારી | ડીવીઝન/વિષય દીઠ |
|---|---|
| (અ) અનુસુચિત જાતિ | ૭% |
| (બ) અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |

| | |
|---|---|
| | (ડ) વિકલાંગ ............ 3% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)<br>Special Provision for Concession for the wards of kashmiri migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013<br>(i) Relaxation inCUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement.<br>(ii) Increase in intake capacity up to 5% course-wise.<br>(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.<br>(iv) Waiving of domicile requirements.<br>• વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ ભવનનાં અધ્યક્ષશ્રીઓએ / આચાર્યશ્રી/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીએ પ્રવેશ આપવો. રજીસ્ટ્રેશન બાબતે યુનિવર્સિટી તરફથી અલગથી પરિપત્ર કરવામાં આવશે.<br>• એક વખત વિદ્યાર્થીએ જે વિષય સાથે અનુસ્નાતક પદવી મેળવી હોઈ તેજ વિષય સાથે ફરીથી તે અનુસ્નાતક કક્ષાએ કરી શકશે નહિ.<br>• વિદ્યાર્થીનો પ્રવેશ રદ કર્યો હોય તો તેની જાણ યુનિવર્સિટીને અવશ્ય કરવી.<br>• સંસ્થામાં રેગિંગના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની જવાબદારી જે તે ભવનનાં અધ્યક્ષશ્રી / સંસ્થાના ઇન્ચાર્જ/આચાર્યશ્રીની રહેશે. જે વિદ્યાર્થી રેગીગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ થશે આ સૂચનાનો ચુસ્ત પણે અમલ કરવો. |
| ૯. | 1. કુલ મંજુર થયેલ ઈન્ટેક (EWS કેટેગરી સાથેના) બેઠકો માંથી ૮૫% બેઠકો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિધાર્થીઓને,૧૦% ગુજરાત રાજયમાં આવેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાયની યુનિવર્સિટીઓના વિધાર્થીઓ માટે તથા ૫% બેઠકો પર ગુજરાત રાજય સિવાયની અન્ય યુનિવર્સિટીના વિધાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.<br>2. ગુજરાત બહારની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ૫% ક્વોટા રાખવો જો જગ્યાઓ ખાલી હોય તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મેરીટના આધારે તક આપવી.<br>3. ૬૨ વર્ષથી ઉપરના કોઈ પણ વ્યક્તિને ડાયરેકટર, ઇન્ચાર્જ ડાયરેકટર કે પી.જી. ઇન્ચાર્જ તરીકે કોઇપણ સંસ્થામાં ચાલુ રાખી શકાશે નહી.<br>4. જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાનો થતો હોય તે અભ્યાસક્રમમાં પ્રવેશ ની લાયકાત માટેની લાયકાત / અભ્યાસક્રમનું પરિણામ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જાહેર થવાનું બાકી હોય તેવા વિધાર્થીઓ પણ પ્રવેશ માટે અરજી કરી શકશે.અને પરિણામ જાહેર થયાની તારીખ થી દીન – ૧૦ માં માર્કશીટ રજુ કરવાની રહેશે. |
| ૧૦. | યુનિવર્સિટીની વેબસાઈટ પર લોગઈન થઈ ઓન લાઈન પ્રવેશ ફોર્મ ભરેલ વિધાર્થીઓની માહિતી ભવનો દ્વારા નિયત પ્રવેશ કાર્યક્રમ અનુસાર મેળવી લેવાની રહેશે અને તે મુજબ નિયત સમય મર્યાદામાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાવાની રહેશે. |
| ૧૧. | સમય અનુસાર પ્રથમ પ્રવેશ યાદી,વેકન્ટ સીટ, તેમજ અંતિમ પ્રવેશ યાદીની માહિતી કુલસચિવશ્રી,પી.જી.ટી.આર. વિભાગને મોકલી આપવાની રહેશે. |
| ૧૨. | કોઈપણ સંજોગોમાં યુનિવર્સિટીની મંજુરી વગર મંજુર થયેલ ઈન્ટેક કેપેસીટીથી વધારે સંખ્યામાં પ્રવેશ આપવાનો રહેશે નહિ અને જો વધુ સંખ્યામાં અને મેરીટની અવગણાના કરી પ્રવેશ આપવામાં આવશે તો તેની જવાબદારી જે – તે ભવનના વડાની રહેશે. |

| | |
|---|---|
| ૧૩. | આ તમામ પ્રવેશ પ્રક્રિયા નિયત સમય અનુસાર પુર્ણ થાય તેની સંપુર્ણ જવાબદારી જે – તે અનુસ્નાતક ભવન / કેન્દ્ર ના વડાની રહેશે. |
| ૧૪. | અનુસ્નાતક ભવન / સંસ્થામાં શૈક્ષણિક કાર્યની શરૂઆત તા.૧૨/૦૬/૨૦૧૯ થી કરવાની રહેશે. |

પ્રવેશ પ્રક્રિયા તેમજ અન્ય બાબતો માટે નીચે મુજબની તારીખ નિયત કરવામાં આવેલ છે.

(૧) પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ જાહેર કરાવની તા.૦૩/૦૬/૨૦૧૯

(૨) ફાઈનલ મેરીટ લીસ્ટ જાહેર કરાવાની તા.૦૫/૦૬/૨૦૧૯

(૩) પ્રથમ પ્રવેશ યાદી અને પ્રવેશ પત્ર ની તા.૦૭/૦૬/૨૦૧૯

(૪) પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ તા.૧૨/૦૬/૨૦૧૯ સુધીમાં (કાર્યાલય સમય દરમિયાન) હાજર થવુ તેમજ જરૂરી ફી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ભરવી.

(૫) વેકેન્ટ સીટ યાદી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની તા.૧૩/૦૬/૨૦૧૯

(૬) સેકન્ડ પ્રવેશ યાદી અને પ્રવેશ પત્ર ની તા.૧૪/૦૬/૨૦૧૯

(૭) સેકેન્ડ રાઉન્ડ એડમિશનમાં પ્રવેશ મેળવેલા વિધાર્થીઓના રીપોર્ટીંગ તથા જરૂરી ફી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ભરવાની છેલ્લી તા.૧૮/૦૬/૨૦૧૯

I/C કુલસચિવ

૩૧/૫/૧૯

નં.પીજીટીઆર/૫/ ૧૩૧૩ /૨૦૧૯
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
રાજકોટ
તા. ૩૧/૦૫/૨૦૧૯

પ્રતિ,

(૧) અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ.

(૨) માન્ય કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.